મેઘરજ માર્કેટયાર્ડ દ્વારા લાયસન્સ રદ કરતા

વિફરેલા વેપારીએ માર્કેટયાર્ડના કર્મચારીને જાનથી મારી નાખવાની ધમકી આપી

મેઘરજ, તા. ૨૨

મેઘરજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા માર્કેટયાર્ડની બહાર નિયમ વિરુદ્ધ ખેડૂતો પાસેથી માલની લે-વેચ કરતા વેપારીઓ સાથે માર્કેટયાર્ડના સત્તાધીશોએ અનેકવાર બેઠકો યોજી તદઉપરાંત નોટિસ પાઠવી માર્કેટયાર્ડમાં દુકાને બેસી ખરીદી કરવાનું જણાવવા છતાં કેટલાક વેપારીઓ મનમાની યથાવત રાખતા ૭ વેપારીઓના લાયસન્સ રદ કરવાની સાથે માર્કેટયાર્ડ બહાર વગર લાયસન્સે અનાજની લે-વેચ ચાલુ રાખતા આખરે મેઘરજ માર્કેટયાર્ડ દ્વારા લાલ આંખ કરી ૫ વેપારીઓ સામે નામદાર કોર્ટમાં ૫ વેપારીઓ સામે ફરિયાદ નોંધાવતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. માર્કેટયાર્ડ દ્વારા કોર્ટમાં નોંધાવેલી ફરિયાદમાં મે.ચંપકલાલ લાલ એન્ડ કું. નામની પેઢી માલિક સામે પણ ફરિયાદ દાખલ થતા પેઢીના માલિકે ઉશ્કેરાઈ જઈ માર્કેટયાર્ડના ઈન્સ્પેક્ટરને જાનથી મારી નાખવાની ધમકીથી ચકચાર મચી છે.

મેઘરજ માર્કેટયાર્ડ દ્વારા ૫ વેપારીઓ સામે કોર્ટ રાહે ફરિયાદ નોંધાવતા મેં. ચંપકલાલ એન્ડ કુ.ના માલિક ચંપકલાલ વનરાવન દોશી (રહે, મેઘરજ) નામના વેપારીએ ચોરી ઉપરસે સીના જોરીની માફક મેઘરજ માર્કેટયાર્ડમાં ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા જીતેન્દ્રસિંહ દલજિતસિંહ ચૌહાણ (હાલ રહે, ૪૭ જલદીપ સોસાયટી, મોડાસા, મૂળ રહે, વડથલી, તા. મેઘરજ) માર્કેટયાર્ડની ફી લેવા જતા ફી નથી અપાવી કહી અચાનક ઉશ્કેરાઈ જઈ બિભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભારે ચકચાર મચી હતી. વેપારીએ ધમકી આપતા ફફડી ઉઠેલા જીતેન્દ્રસિંહ ચૌહાણે મેઘરજ પોલીસ સટશનમાં ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસે ચંપકલાલ વનરાવન દોશી વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૫૦૪, ૫૦૬(૨) હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પાલનપુર એસ.ટી.બસ પોર્ટનું બાંધકામ તોડવાના હુકમથી ભારે ખળભળાટ

પાલિકાની મંજૂરી વગર ચાલતા ગેરકાયદે બાંધકામને ૩૧-૧૨-૧૮ સુધીમાં તોડવા ટ્રિબ્યુનલનો આદેશ : દુકાનોમાં કરોડો રૂપિયાનું રોકાણ કરનાર વેપારીઓના જીવ તાળવે ચોંટયા

પાલનપુર, તા.૨૨

પાલનપુરમાં કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલું અત્યાધુનિક એસ.ટી.બસ પોર્ટ વિવાદના વમળમાં ફસાયું છે. નગરપાલિકાની કોઈપણ જાતની મંજૂરી વગર ચાલી રહેલા બાંધકામને ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલીટી ઓથોરિટી, ગાંધીનગરે તોડી પાડવાનો હુકમ કરતા ખળભળાટ મચી ગયો છે.

પાલનપુર ખાતે કરોડોના ખર્ચે નવું એસ.ટી.બસ પોર્ટ બની રહ્યું છે. જેના બાંધકામનો વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. જોકે, બસ પોર્ટમાં ૭૭ કરોડના ખર્ચે બની રહેલા વાણિજ્ય સંકુલમાં દુકાનો અને શોરૂમ કે ઓફિસના બુકિંગ કરવામાં આવ્યું છે. જેમાં ૫૦% બ્લેક મની અને ૫૦% વ્હાઈટ મનીના એવી સ્કીમ સાથે ગુજરાત સરકાર અને એસ.ટી.વિભાગ ના નામે બોગસ બ્રોશર બજારમાં ફરતા કરી કંપની દ્વારા કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા છે. જેની સામે પાલનપુરના વિજયભાઈ સોલંકીએ મોરચો માંડતા ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ફરિયાદ દાખલ કરી હતી.

કંપની દ્વારા પાલનપુર નગરપાલિકાની કાયદેસરની લે-આઉટ મંજુર કરાવ્યા સિવાય કે બાંધકામ પરવાનગી મેળવ્યા સિવાય એસ.ટી.બસ પોર્ટનું બાંધકામ ધમધોકાર ચાલી રહ્યું છે. જોકે, બુકિંગ કરાવનાર વેપારીઓને કંપની દ્વારા કોઈ પણ પ્રકારની પાવતી કે રસીદ આપ્યા વિના રોકડમાં જ કરોડો રૂપિયા વસુલ કરાયા હોવાની રાવ ઉઠી છે. ત્યારે આ અંગે વિજયભાઈ સોલંકી સાથે પણ આવો જ વર્તાવ થતા તેઓએ અવાજ ઉઠાવતા ટ્રિબ્યુનલમાં અપીલ દાખલ કરી દાદ માંગી હતી.

દરમિયાન, આ અંગેનો કેસ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી, ગાંધીનગર સમક્ષ ચાલી જતા ટ્રિબ્યુનલે આ ગેરકાયદેસર બાંધકામ ૩૧-૧૨-૧૮ સુધીમાં તોડી પાડવાનો પાલનપુર નગરપાલિકાને હુકમ કરતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગે પાલનપુર નગરપાલિકાના ટીપી કમિટી ચેરમેન કુસુમબેન રાવલે પણ એકરાર કર્યો હતો કે, એસ.ટી.પોર્ટ ના બાંધકામની કોઈ મંજૂરી લેવાઈ નથી. ત્યારે ટ્રિબ્યુનલના હુકમ મુજબ પાલિકાના એન્જિનિયરને પંચનામું કરાવા મોકલવામાં આવ્યો છે. જે પંચનામા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવો દાવો ટીપી કમિટી ચેરમેને કર્યો હતો.

આમ, પાલનપુર સહિત જિલ્લાભર માંથી વેપારીઓના કરોડો રૂપિયાનું ઉઘરાણુ કરી નીતિ નિયમોને નેવે મૂકી આકાર પામી રહેલ પાલનપુર એસ.ટી.પોર્ટ વિવાદમાં આવ્યું છે. ત્યારે તેમાં નાણાં રોકનાર વેપારીઓના જીવ તાળવે ચોટયા છે. જોકે, મંજૂરી વગર ઝૂંપડું બાંધનાર આમ આદમીને પણ કાયદાનો પાઠ ભણાવનાર નગરપાલિકા કાયદાને ખિસ્સામાં લઈ ફરતી કંપનીને કાયદાનું ભાન કરાવશે કે નહીં? તેના પર સૌની મીટ મંડાઈ છે.

માલણ પાસે છકડો અને બાઈક વચ્ચે અકસ્માતઃ ૩ ઘાયલ

પાલનપુર તાલુકાના માલણ ગામ નજીક બાઈક-છકડા રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ લોકો ને ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પાલનપુર તાલુકાના માલણ ગામ પાસે છકડો રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર સવાર માલણ ગામના ૩ યુવાનોને ઈજા થતાં સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

ભિલોડા પોલીસે વિદેશી દારૂ ઝડપ્યો : બુટલેગર પલાયન

ભિલોડા, તા.૨૧

૩૧ ડીસેમ્બરની આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બુટલેગરો ધ્વારા વિદેશી દારૂ ઘુસાડવા માટે બુટલેગરો અવનવા કીમીયા અપનાવી પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્રતિબંધીત વિસ્તારમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે બુટલેગરો જાણે કે ભુરાટા બન્યા હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ગાંધીજીના ગુજરાતમાં દારૂ બંધીનો ફાયદો ઉઠાવી વિદેશી દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા બુટલેગરો યુવાધનને બરબાદી તરફ ધકેલી રહ્યા છે.વિદેશી દારૂની માંગ દિન-પ્રતિ-દિન ઠંડીના કારણે વધતાં ઠેર-ઠેરથી વિદેશી દારૂ પોલીસ ધ્વારા ઝડપાઈ રહ્યો છે.

અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુર પાટીલએ અરવલ્લી જીલ્લાની સરહદો પરથી ઘુસાડાતો વિદેશી દારૂ અટકાવવા પોલીસ તંત્રને કાર્યવાહીના આદેશ આપતાં પોલીસ તંત્ર એલર્ટ બની ગયું છે. પોલીસએ લાલ આંખ કરતા બુટલેગરોમાં જાણે કે ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. બોલુન્દ્રા-મઠ ધોરીમાર્ગ ઉપરથી મારૂતી સ્વીફ્ટ કારમાંથી રૂા.૩૫,૪૦૦/- નો વિદેશી દારૂનો અલગ અલગ બ્રાન્ડ પેટીઓ નંગ-૫ અને છુટી બોટલ મળી કુલ નંગ-૬૬ બોટલો ઝડપાઈ હતી.વિદેશી દારૂની હેરાફેરી કરતો બુટલેગર પોલીસની સરકારી જીપ જોઈ રાત્રી દરમ્યાન અંધારાનો લાભ ઉઠાવી સ્વીફ્ટ કાર મુકી પલાયન થઈ ગયો હતો.

ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. આઈ. એમ. આર. સંગાડા, પોલીસ સ્ટાફ રાત્રે પેટ્રોલીંગમાં નીકળ્યા હતા તે દરમ્યાન ભિલોડા તાલુકાના બોલુન્દ્રા-મઠ ધોરીમાર્ગ ઉપરથી મારૂતી સ્વીફ્ટ વી. ડી. આઈ. કાર નંબર. જી.જે. ૦૧.કે.સી. ૧૬૭૯નો ચાલક પોલીસની સરકારી બોલેરો ગાડી જોઈ સ્વીફ્ટ કાર માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે હંકારતાં પોલીસને શંકા ઉપજતાં મારૂતી સ્વીફ્ટ કારનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો પરંતુ વિદેશી દારૂની હેરાફેરી કરતો કાર ચાલક રાત્રી દરમ્યાન અંધારાનો લાભ લઈ કાર વાવેતરવાળા ખેતરમાં ઘુસાડી ભાગી ગયો હતો. સ્વીફ્ટ કારની અંદર પોલીસએ તપાસ કરતાં પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડની પેટીઓ નંગ-૫ અને છુટી બોટલો મળી કુલ નંગ-૬૬ અંદાજીત કિંમત રૂા.૩૫,૪૦૦/-નો મુદ્દામાલ, મારૂતી સ્વીફ્ટ કારની અંદાજીત કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૨,૩૫,૪૦૦/- ઝડપાયો છે. મારૂતી સ્વીફ્ટ કાર ચાલક બુટલેગર વિરૂધ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી પોલીસએ કાર્યવાહી હાથ ધરી છે.

મેઘરજના પાદર-મહુડી ગામેથી બોગસ તબિબ ઝડપાયો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના શહેરી વિસ્તારો અને અંતરિયાળ વિસ્તારોમાં કોઈપણ પ્રકારની ડિગ્રી વગર બની બેઠેલા બોગસ તબીબોનો રાફડો ફાટ્યો છે. જીલ્લા આરોગ્ય વિભાગની નિષ્ક્રિયતાના પગલે ઊંટવૈદ્ય ડોક્ટરો પ્રજાજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા હોવાની સાથે હાયર એન્ટિબાયોટિક્સનો પણ બેફામ ઉપયોગ કરી લોકોના જીવ જોખમમાં નાખી રહ્યા છે. મેઘરજ તાલુકા હેલ્થ અધિકારીએ પાદર-મહુડી ગામે રહેણાંક વિસ્તારમાં એક ઓરડીમાં દવાખાનું ચલાવતા સેલિન બેન્જામિન ગમાર (વિજયનગર, સા.કાં)ને ઝડપી પાડી ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઈસરી પોલીસે બોગસ તબીબની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પીતામ્બર પરીખને જીલ્લા એસ.ઓ.જી. દ્વારા પાદર-મહુડી ગામે બોગસ દવાખાનું ચાલતું હોવાની જાણકારી આપતા શુક્રવારે સાંજના સુમારે તેમની ટીમ સાથે પાદર-મહુડી ગામે કોઈ પણ પ્રકારની ડિગ્રી વગર ચલાવતા દવાખાનામાં રેડ કરી મોટી માત્રામાં એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન, ડ્રિપના જથ્થા સાથે ઝડપી પાડી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા સેલિન બેન્જામિન ગમાર (હાલ રહે, શણગાલ મૂળ રહે, દ્રઢવાવ, વિજયનગર, સાબરકાંઠા) નામના મુન્નાભાઈ એમ. બી. બી. એસ.ને ઝડપી પાડી ઈસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઈસરી પોલિસે મેઘરજ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પીતામ્બર પરીખની ફરિયાદના આધારે ૨૦૦૦ રૂપિયાના એલોપેથિક દવાઓ કબ્જે લઈ સેલિન બેન્જામિન ગમાર વિરુદ્ધ મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ કલમ ૩૦, ૩૪, ૩૫ મુજબ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસા નગરપાલિકાની ટીમે હાઈવે પરના નડતરરૂપ દબાણો દૂર કર્યા

ડીસા

ટ્રાફિક નિવારણ સમિતિ દ્વારા યોજાયેલ બેઠકમાં થયેલી રજૂઆતોના પગલે પાલિકા દ્વારા સર્વિસ રોડ પરના દબાણો કડકાઈપૂર્વક દૂર કરી દેવાયા છે.

ડીસા નગરપાલિકાની ટીમે ગતરોજ ડીસાના ગાયત્રી મંદિરથી જલારામ મંદિર સુધીના હાઈવે પર ટ્રાફિકને નડતરરૂપ એકસો જેટલા દબાણો દૂર કરાવ્યાં હતા.

ડીસામાં ટ્રાફિકની સમસ્યાને લઈ અવારનવાર મુખ્ય સર્કલો પર ટ્રાફિક જામ થતું હોઈ શુક્રવારે ડીસાના સર્કિટ હાઉસ ખાતે ડીસાના ધારાસભ્ય,પોલીસ અધિકારીઓ તેમજ ટ્રાફિક પોલિશ તેમજ પાલિકાના અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ડીસાની ટ્રાફિક સમસ્યા બાબતે ચર્ચા વિચારણા કરાઈ હતી જેમાં ડીસાના ગાયત્રી મંદિરથી જલારામ મંદિર સુધીના બન્ને બાજુના સર્વિસ રોડ પર ખાનગી વાહનો તેમજ લારીગલ્લાવાળાઓએ અડીંગો જમાવી દેતા ટ્રાફિકની સમસ્યામાં વધારો થતો હોવાની ફરિયાદ ઉઠી હતી જેના પગલે ગતરોજ પાલિકા દ્વારા આ સર્વિસ રોડ પરના શો જેટલા નડતર રૂપ દબાણો કડકાઈપૂર્વક દૂર કરી દેવાયા હતા. ડીસા નગરપાલિકાના દબાણ અધિકારી મનોજભાઈ પટેલે આ કાર્યવાહીની વિગતો આપતા જણાવ્યું હતું કે આજે ગાયત્રી મંદિરથી જલારામ મંદિર સુધીના બંને બાજુના સર્વિસ રોડ પર આચરાયેલ એકસો જેટલા દબાણો દૂર કરી સર્વિસ રોડને ખુલ્લો કરાવાયો છે.હવે આ સ્થળે ફરી દબાણો ના કરવા પણ લારી ગલ્લાધારકોને તાકીદ કરાઈ છે.

જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે ચારથી વધુ માણસો ભેગા થવા પર પ્રતિબંધ

મહેસાણા, તા. ૨૨

જાહેર સ્થળે વગર પરમીશને ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.એમ. વોરાએ ગેરકાયદેસર રીતે માણસો ભેગા થવા પર પ્રતિબંધના આદેશ આપ્યો છે. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩) મુજબની સત્તાની રૂએ આપેલ આદેશ જિલ્લાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૪ જાન્યુઆરી ૨૦૧૯ સુધી લાગુ પડશે. સક્ષમ અધિકારીની મંજુરી વિના અનઅધિકૃત રીતે ચારથી વધુ માણસો ભેગા થઈ શકશે નહી. આ આદેશ સરકારી નોકરીમાં ફરજ પરના વ્યક્તિઓ, લગ્નના વરઘોડા તેમજ સ્મશાન યાત્રાને લાગું પડશે નહિ તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.એમ.વોરાની અખબારી યાદીમાં જણાવાયું છે.

બાયડમાંથી ટાઈલ્સની ચોરી કરી નાસતા શખ્સો ઝડપાયા

૫૯ હજારના મુદ્દામાલ સાથે વાત્રક અને પંચમહાલના બે શખ્સની ધરપકડ

બાયડ, તા.૨૨

બાયડ શહેરમાં ચોરીની ઘટનાઓનો જાણે સિલસિલો ચાલી રહ્યો છે.સાડીની દુકાનમાંથી થયેલી ચોરીની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં તો બાયડ શહેરની ટાઈલ્સની દુકાનમાંથી ટાઈલ્સનાં બોક્સ ચોરીની ઘટનામાં બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યાં હતાં.

બાયડ શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં પોલીસકર્મીઓ પેટ્રોલિંગ કરી રહ્યાં હતાં.દરમ્યાન શુક્રવારના રોજ સવારના સમયે બે ઈસમો નરેન્દ્રકુમાર ઉર્ફે નરેશ કલ્યાણસિંહ બારીયા (રહે.બજાર ફળિયું, કૂવાજાર જી. પંચમહાલ) તેમજ ગોવિંદભાઈ કાંતિભાઈ પરમાર રહે.વાંટડા (વાત્રક) તા. બાયડવાળો પેડલ રિક્ષામાં ભરેલ સરસામાન ઝદ્રય રિક્ષામાં ભરતા હતાં.તેઓને રિક્ષામાં ભરેલ સામાન અંગે પૂછતાં તેમજ ટાઈલ્સના બોક્સના બીલો માંગતા સંતોષ કારક જવાબ આપ્યો ન હતો.ત્યારે પોલીસે ઉલટ તપાસ હાથ ધરતાં બન્ને ઈસમોએ બાયડ મુકામે બનતા નવીન મકાનમાંથી ટાઈલ્સની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતુ.બન્ને ઈસમો પાસેથી રીવાઈસ ટાઈલ્સના બોક્સ નંગ ૧૦, CNG પેડલ રીક્ષા રીક્ષા સહીત ૫૯ હજારના મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.તેમજ ટાઈલ્સની ચોરી કરી ફરાર થઈ જતા બન્ને શખ્સની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નવી પંચાયતોમાં મહેકમ ક્યારે મળશે ?

વર્ષમાં ૬ તલાટીઓ બદલાઈ જાય છે પ્રજા હેરાન પરેશાન

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાની રચના બાદ ગામડાઓમાં નવિન પંચાયતો ઉભી કરવામાં આવી છે. જેથી સ્થાનિક જનતાને દૂરની પંચાયતમાં જવુ ના પડે. આ એક સારી યોજના સફળ થઈ, પરંતુ હાલ મેઘરજ તાલુકામાં જોઈએ તો લગભગ નવી ૮ પંચાયતો થઈ છે જેમાં તલાટી-મંત્રી છાશવારે બદલાઈ જાય છે. એક મહિનાની મુદત સુધી કોઈ તલાટી ઠરીને બેસતા નથી જેથી જનતાના વિકાસના કામો થતા નથી. એક મુલાકાતમાં એવુ જાણવા મળ્યુ છે કે આ નવી ૮ પંચાયતો માટે જિલ્લામાં મહેકમ મંજૂર કરાવવુ પડે જેથી તલાટી મંત્રીની સ્થાયી નિમણુંક થાય. સેવકની પણ જગ્યા ભરાય અને પંચાયત ઘર ખુલ્લાં રહે. આ અંગે જિલ્લા પંચાયતના સદસ્ય જયેશભાઈ અસારીને મહેકમ મંજૂર કરાવવા માંગણી કરવામાં આવી છે તે અંગે તેઓ જિલ્લા વિકાસ અધિકારી સાથે પરામર્શ કરી યોગ્ય કરાવશે તેવુ એક મુલાકાતમાં જાણવા મળ્યુ છે.

જીએસટી દર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે આ અંગેની જાહેરાત કરી હતી. જીએસટી કાઉન્સિલની બેઠક બાદ બેઠકમાં થયેલી ચર્ચા અંગે માહિતી આપવામાં આવી હતી. સિમેન્ટ પર જીએસટીના દરોમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. તેના ઉપર પહેલાની જેમ જ ૨૮ ટકા ટેક્સ રહેશે. કાઉન્સિલની ૩૧મી બેઠક બાદ કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીએ માહિતી આપતા કહ્યું હતું કે કુલ ૨૩ વસ્તુઓ અને સેવા ઉપર જીએસટીના દર ઘટાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૭ વસ્તુઓ પર જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા અથવા તો પાંચ ટકા કરવામાં આવ્યો છે. ૭ વસ્તુઓને જીએસટીના ૨૮ ટકાના સ્લેબમાંથી લઈને ૧૮ ટકાના સ્લેબમાં મુકવામાં આવી છે. સિમેન્ટ પર દરોને ઘટાડવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. ટાયર, વીસીઆર અને લિથિયમ બેટરીને ૨૮ ટકાના સ્લેબમાંથી ઘટાડીને ૧૮ ટકાના સ્લેબમાં લવાયા છે. ૩૨ ઈંચ સુધીના ટીવી પર દરો ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયા છે. ૨૮ ટકાના સ્લેબમાં હવે માત્ર ૩૪ ચીજો રહી ગઈ છે. ૧૦૦ રૂપિયા ઉપરની સિનેમા ટિકિટ ઉપર ૧૮ ટકા જીએસટી લાગશે. ૧૦૦ રૂપિયાથી ઓછાની ટિકિટ પર ૧૨ ટકા જીએસટી લાગશે. ટાયર પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયો છે. વ્હીલચેર પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે. ફ્રોજન વેજિટેબલ પર જીએસટી પાંચ ટકાથી ઘટાડીને શૂન્ય ટકા કરાયો છે. ફુટવેર પર જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા અને પાંચ ટકા કરાયો છે. બિલિયર્ડ અને સ્નૂકર પર જીએસટી દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયો છે. થર્ડ પાર્ટી મોટર ઈન્સ્યોરન્સ પર જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો છે. ધાર્મિક યાત્રા પર આ દરો ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા અને પાંચ ટકા કરાયા છે. ઓટો મોબાઈલ્સ, ડીસ વોશર પર દરો યથાવત રખાયા છે. જીએસટી કાઉન્સિલના આ પગલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એ નિવેદન ઉપર આધારીત છે જેમાં કહેવામાં આવ્યું હતું કે આવનાર સમયમાં ૯૯ ટકા ચીજો ૧૮ ટકાની હદમાં આવી જશે. સિમેન્ટ પર જીએસટી ઘટાડવાથી ૧૩ હજાર કરોડ રૂપિયાનો બોજ પડી શકે છે. જેથી તેના ઉપર હાલ ચર્ચા થઈ નથી. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક જાન્યુઆરીમાં થશે. આજે યોજાયેલી બેઠકમાં રિયલ એસ્ટેટ સેકટર ઉપર ચર્ચા થઈ હતી.

ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ એક ક્લિન ઓપરેશન હતું. માર્યા ગયેલા આતંકવાદીઓના સંબંધ અંસાર ગજવત ઉલ હિન્દ સાથે હતા. તમામના મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષા દળોને એક પછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. હાલમાં પુલવામા વિસ્તારમાં ત્રણ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા બાદ સ્થાનિક લોકોના ટોળાએ સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ વણસી ગયેલી સ્થિતીને કાબુમાં લેવા માટે સુરક્ષા દળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. જેમાં આઠ નાગરિકોના મોત થયા હતા.હાલમાં પુલવામામાં હિઝબુલના કુખ્યાત ત્રાસવાદી જુહુર ઠોકર સહિત ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ અથડામણ સ્થળે જોરદાર રક્તપાતની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિકો દ્વારા સેનાના ઓપરેશનના વિરોધમાં જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેના જવાબમાં કાર્યવાહી કરાતા આઠ નાગરિકોના મોત થયા હતા. ગયા શનિવારના દિવસે જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ઝહુર ઠોકર સહિત ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ સ્થાનિક લોકોએ સુરક્ષા ટોળકી ઉપર પથ્થરમારો કર્યો હતો. સ્થાનિક લોકો સાથે સુરક્ષા દળોની સંઘર્ષની સ્થિતિ કલાકો સુધી રહી હતી. સ્થિતિ વણસી જતા સુરક્ષા દળોને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. આ ગોળીબારમાં ૮ નાગરિકોના મોત થતા સ્થિતિ વધારે વિસ્ફોટક બની ગઈ હતી. કુખ્યાત આતંકવાદી જુહુર ઠોકરને ઠાર કરવામાં આવ્યા બાદ લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું અને અથડામણ સ્થળ પર સ્થાનિક લોકો દ્વારા સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સુરક્ષા જવાનોએ ગોળીબાર કરતા આઠ નાગરિકોના મોત થઈ ગયા હતા. પુલવામામાં ઈન્ટરનેટ સેવાઓને તાત્કાલિક ધોરણે બંધ કરવામાં આવી હતી. સાથે સાથે જમ્મુ વિસ્તારમાં બનિહાલ ટાઉનથી કાશ્મીર ખીણ સુધી રેલ સેવાઓને બંધ કરવામાં આવી હતી.

મહિલા યુનિવર્સિટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેદા થાય છે. સમાજ અને ગામનુ ઋુણ અદા કરવા માટે વિકાસની ભાવના સાથે એન આર આઈના યોગદાનથી વધુ ગતિ આવશે. નારદીપુર ગામમાં આમુલ પરિવર્તન આવશે. તેમણે નારદીપુર ગામના ભામાશાની પ્રસંશા કરી હતી. તેમણે આગામી દિવસોમાં ગુજરાત ૧૦૦ ટકા સાક્ષરતાવાળુ રાજય બનશે તેમ પણ જણાંવ્યુ હતુ શિક્ષણની પ્રકીયા ધીમી લાંબી અને કાયમી છે. ત્યારે શાળા પ્રવેશોત્સવ શરૂ કરવા પાછળના આશય સાથે તેના પરિણામો અંગે પણ માહીતી આપી હતી. જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને વરિષ્ઠ સાહીત્યકાર રઘુવીર ચૌધરીએ નારદીપુર ગામ માટેના આદર હોવાના કારણો અને દ્રષ્ટાંતો રજુ કર્યા હતા. જયારે સંસ્થાએ જાળવી રાખેલી પ્રતિષ્ઠાની સરાહના કરી કન્યાઓને વ્યવસાયિક શિક્ષણ આપવાના મુદ્દે ભાર મુક્યો હતો. આ તબક્કે સે-૧ સમદર્શન આશ્રમના પુ ગુરુમાં એ જણાંવ્યુ હતુ કે નારદીપુર ગામમાં શિક્ષણનો વ્યાપ વધારવાનુ આ સ્વપ્ન પુરુ થશે તે નિશ્ચિત છે. તેમણે જણાંવ્યુ હતુ કે નારદીપુર ગામના નામમાં જ સમાજ સેવા છે. જયારે આગામી દિવસોમાં અહીં મોટુ વિદ્યા સંકુલ ઉભુ કરી દિકરીઓને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરશે. ગામના એન આર આઈ ભાઈઓ ગામથી દુર વિદેશમાં છે પરંતુ મુળ સાથે જોડાયેલા છે. દાનથી પુણ્ય પ્રાપ્ત થાય છે. મૃત્યુ બાદ કરન્સી બદલાય જાય છે. માટે પોતાની પાસે અધિક હોય તેનુ દાન કરવુ જોઈએ. નારદીપુરમાં આવા દાતાઓની સંખ્યા વિશેષ છે. વિદ્યા સંકુલ ઉભુ કરવુ એ સામાન્ય કામ નથી. અન્ન જેટલુ જ જ્ઞાન જરૂરી છે. નારદીપુરમાં યુનિવર્સીટી શરૂ કરવાનો સંકલ્પ થયો તેની પાછળના સ્વપ્નદ્રષ્ટા કૃષ્ણકાન્તભાઈ છે. આ કોઈ ઈશ્વરીય સંકેત છે. તેમણે ગ્રામજનોને પણ આ કાર્યમાં સહયોગ આપવા જણાંવ્યુ હતુ. આ તબક્કે નારદીપુર ગ્રામ સેવા મંદિર પરિવારના પ્રમુખ અને ગાંધીનગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાએ જણાંવ્યુ હતુ કે આજનો દિવસ સપનાના વાવેતર કરવાનો છે. આ પર્વ થકી સમગ્ર ગામ એક તાંતણે બંધાયુ છે. નારદીપુર ગામના ઈતિહાસનુ એક નવુ પ્રકરણ ચાલુ થયુ છે. ગામને શ્રેષ્ઠ બનાવવા સહીત શૈક્ષણિક હબ બનાવાનુ સ્વપ્ન ચોક્કસ સાકાર થશે તેવો આત્મવિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો. તેમણે નારદીપુરમાં ૮૮ વર્ષ પુર્વે શિક્ષણની જયોત પ્રજવલિત કરનારા નટવર પંડિતને પણ યાદ કર્યા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે આગામી દિવસોમાં અહી કે જી થી માંડીને પી જી સુધીનુ શિક્ષણ પુરુ પાડવાનો ઈરાદો છે. આ ઉપરાંત નર્સિંગ તેમજ ઓફિસ મેનેજમેન્ટના કોર્સીસ પણ ચાલુ કરવાના છે. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવા ઉપરાંત મહીલાઓને ઉચ્ચ શિક્ષણ પુરુ પાડવા માટે આટર્સ અને કોમર્સ કોલેજ શરૂ કરવામાં આવશે. જયારે નારદીપુરમાં રાજયની પ્રથમ યુનિવર્સિટી બનાવવા માટે સરકાર સાથે આગામી વાઈબ્રન્ટ સમિટમાં એમ ઓ યુ કરવાનુ પણ નક્કી કરાયુ હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ આ તબક્કે ગ્રામ સેવા મંદિરના સ્થાપક નટવરભાઈ પટેલને યાદ કરીને તેમના ધર્મ પત્ની દેવીબેન પંડિતનુ પણ સન્માન કરવામાં આવ્ય હતુ. આ કાર્યક્રમમાં જાણીતા ઉદ્યોગપતિ ભરત પટેલ , ગ્રામ સેવા મંદિરના મહામંત્રી નરેન્દ્ર પટેલ , ઉમિયા ધામ ન્યુજર્સીના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, અમેરિકા સ્થિત ઉદ્યોગપતિ રીક પટેલ, કમલેશ રસિકલાલ પટેલ ભગવાનદાસ મંગળદાસ પટેલ બળદેવભાઈ પટેલ , પલિયડ હોસ્પિટલના સ્થાપક શંકરભાઈ પટેલ, દશરથ પટેલ તેમજ શૈલેષ પટેલ સહીત વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન હિરેન ભટ્ટે કર્યુ હતુ.

ચીફ ઓફીસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજની પરીક્ષામાં દિલ્હી-મુંબઈ ફ્રેટ કોરીડોરની આસપાસના કેટલા કિ.મી. વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર તરીકે વિકસાવવામાં આવશે તે ઉપરાંત ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં ગુજરાતનો કયો જિલ્લો સાક્ષરતામાં છેલ્લા ક્રમે આવ્યો છે તેવા પ્રશ્નો સાથે બુદ્ધિ કસોટી પણ કરવામાં આવી હતી.

આજની પરીક્ષામાં ગુજરાતનો બાળ મૃત્યુદર ૨૦૧૬માં કેટલો, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ચેકડેમ બાંધવા માટે સરકારનો ફાળો કેટલો, સરદાર સરોવરમાં ડૂબમાં જતા કયા મંદિરને ઉંચા સ્થાને સ્થાપિત કરવામાં આવ્યું, માણેકઠારી મેળો ક્યાં યોજાય છે, જળઝિલણી એકાદશીનો ઉત્સવ કયા પ્રદેશમાં ઉત્સાહ સાથે ઉજવાય છે, આણંદ-પરમાનંદ કોણ હતા જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧